અખિલ ગુજરાત ચારણ-ગઢવી સમાજનું સ્નેહમિલન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૨૯

નવલા વર્ષના શુભારંભે ગાંધીનગર અખિલ ગુજરાત ચારણ-ગઢવી સમાજ ગાંધીનગર દ્વારા સમાજનું સ્નેહ મિલન, તેજસ્વી તારલાઓ, નિવૃત કર્મચારી-અધિકારીઓ, વ્યકિત વિશેષનું સન્માન કાર્યક્રમ આગામી તા.૪ નવેમ્બરને શનિવારના રોજ સાંજે ૪ કલાકે સેકટર-૧૨ આંબેડકર હોલ ખાતે યોજાશે.

જેમાં સર્વ જ્ઞાતિજનોને સપરિવાર ઉપસ્થિત રહેવા સંસ્થા દ્વારા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓ તેમજ નિવૃતની વિગત ટ્રસ્ટી અજીતદાન ગઢવી, મહેશદાન ગઢવી, અને દિપકદાન વણસુરને તા.૨-૧૧-૧૭ સુધીમાં પહોંચાડવાની રહેશે. આ તેજસ્વી તારલા અને સ્નેહમિલન સમારોહના પ્રમુખ તરીકે સમરથદાન ઝુલા અને અતિથિ વિશેષ તરીકે ઈશુદાન ગઢવી એડીટર, વી.ટી.વી.ગુજરાતી ચેનલ અમદાવાદ ઉપસ્થિત રહેશે.

વી કેર ફાઉન્ડેશન દ્વારા સરદાર પટેલની જન્મજયંતિ નિમિતે સ્વચ્છતા અભિયાન યોજાશે

ગાંધીનગર, તા.૨૯

શહેરના વી કેર ફાઉન્ડેશન દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિતે તા.૩૧-૧૦-૧૭ના રોજ ઘ-૪ સેન્ટ્રલ વિસ્ટા ખાતે સરદાર સાહેબની પ્રતિમા પાસે સવારે ૬.૩૦ થી ૮ કલાક દરમિયાન યોગ, મેડીટેશન પ્રાણાયામ, સ્વચ્છતા અભિયાન અને સરદાર એક લોખંડી પુરૂષ વિષય પર સંવાદ કાર્યક્રમ યોજાશે.આ કાર્યક્રમમાં પધારવા સૌ નગરજનોને વી કેર ફાઉન્ડેશન દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

એક મિનિટ લેટ પડ્યાં, સોરી ફરી આવજો

એક મિનિટ લેટ પડવા માટે વાહનચાલકોને પાછા કાઢતા આરટીઓ કર્મચારીઓ ૧૦ થી ૧૨ મિનિટ બારી મોડી ખોલે છે : તાજેતરમાં એક અધિકારી લાંચ લેતા પકડાયા છતાં હજુ પણ નંબર પ્લેટ ફીટ કરી 'ચા-પાણી' માંગતા કર્મચારીઓ

ગાંધીનગર, તા. ૨૯

તાજેતરમાં ગાંધીનગર આરટીઓ કચેરી ખાતે થયેલ એસીબી ટ્રેપમાં એક અધિકારી લાંચ લેતા ઝડપાઈ જવા પામ્યાં હતા આમ છતાં હજુ પણ આરટીઓ કચેરીમાં ભ્રષ્ટાચાર નિયંત્રણમાં આવ્યો હોય તેવુ જણાતુ નથી. હજુ પણ વાહનોને નંબર પ્લેટ ફીટ કર્યા પછી વાહનચાલકો પાસેથી ચા-પાણીના પૈસા માંગવામાં આવી રહ્યાં છે. બીજી તરફ આરટીઓના કર્મચારીઓની તુમાખી પણ દિન-પ્રતિદિન એટલી વધી રહી છે કે વાહનચાલક જો એકાદ મિનિટ માટે મોડો પડે તો તેને 'નેક્સ્ટ' ટાઈમ લેવા જણાવાય છે પરંતુ આરટીઓ કચેરીની બારી દસ થી બાર મિનિટ મોડી ખોલવામાં આવે છે તે અંગે કોઈ તેમને કહી શકતુ નથી.

વાહનોને હવે હાઈ સિક્યુરિટી નંબર પ્લેટ ફરજિયાત આરટીઓ

કચેરી ખાતેથી જ લગાડવાની હોય છે જે માટે વાહન ખરીદી વખતે જ તેના નાણાં લઈ લેવામાં આવે છે. આ કારણે નંબર પ્લેટ નંખાવવા 'ઓનલાઈન' એપોઈન્ટમેન્ટ લઈને આવતા વાહનચાલકોએ સ્થળ પર કોઈ નાણા ચુકવવાના હોતા નથી પરંતુ હંમેશા 'ચા-પાણી' માંગવા ટેવાયેલા કર્મચારીઓ તાજેતરમાં આરટીઓ કચેરી ખાતે થયેલી એન્ટી કરપ્શન બ્યુરોની રેડ પછી પણ સુધર્યા હોય તેવુ લાગતુ નથી. હજુ પણ નંબર પ્લેટ લગાડ્યા પછી વાહનચાલકો પાસે ધરાર 'ચા-પાણી' માંગવામાં આવે છે તેવી ફરિયાદો ઉઠવા પામી છે. વળી, નંબર પ્લેટ માટે ઓનલાઈન એપોઈન્ટમેન્ટ લેવી ફરજિયાત છે જેથી વાહનચાલકોનો સમય ના બગડે પરંતુ આ એપોઈન્ટ મેન્ટમાં જો વાહનચાલક એક મિનિટ માટે પણ કોઈ કારણસર મોડો પડ્યો હોય તો માનવીય અભિગમ દાખવવાને બદલે ફરી નવી એપોઈન્ટમેન્ટ લઈને આવો તેવુ રોકડુ પરખાવી દેવાય છે. જ્યારે બીજી તરફ આજ કર્મચારીઓ કામકાજ શરૂ થવાના નિયત સમય કરતા ૧૦ થી ૧૨ મિનિટ મોડી બારી ખોલતા હોવાની વાહનચાલકો ફરિયાદ કરી રહ્યાં છે. આરટીઓ કર્મચારીઓની તુમાખીથી વાહનચાલકો ભારે પરેશાનીનો સામનો કરી રહ્યા છે.

ગાંધીનગરથી વિરપુરની ૨૧મી જલારામ પદયાત્રાનું પ્રસ્થાન

જલારામ પદયાત્રામાં ૧૦૦ થી વધુ પદયાત્રીઓ જોડાયાં જેમાં ૧૫ થી વધુ મહિલાઓ : દસ દિવસની પદયાત્રા ૭મી નવેમ્બરે વિરપુર પહોંચશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરથી આજે સવારે પાંચ વાગે ૨૧મી જલારામ વિરપુર પદયાત્રાએ પ્રસ્થાન કર્યુ હતુ. જેમાં ૧૫ થી વધુ મહિલાઓ સહિત આશરે એકસોથી વધુ પદયાત્રીઓ જોડાયાં છે. દસ દિવસમાં

દરરોજના સરેરાશ ૩૦ કિમીની પદયાત્રા કરી તા. ૭મી નવેમ્બરે બપોરે આ પદયાત્રા વિરપુર મુકામે પહોંચશે. જ્યાં પદયાત્રીઓ જલારામ બાપાના દર્શન કરી આયોજકો દ્વારા કરાયેલ બસની સુવિધા થકી પરત ફરશે.

જલારામ સેવા સમાજની યુવા પાંખ દ્વારા દાતાઓના સહકારથી છેલ્લા ૨૦ વર્ષથી ગાંધીનગરથી વિરપુરની જલારામ પદયાત્રાનું આયોજન કરવામાં આવે છે. પદયાત્રીઓ માટે દરેક રાત્રિના મુકામ સંપૂર્ણ વ્યવસ્થા સાથે નિયત કરાયેલા હોય છે. જેમાં પ્રથમ દિવસે સરખેજ હાઈવે પરના કર્ણાવતી ક્લબ સામે હીરાબા પાર્ટીપ્લોટ ઉપરાંત બાવળા તાલુકાના ભાઈલા ગામે, ધોળકા તાલુકાના જવારજ ગામે, ધંધુકા હાઈવે પરના પડોલ ગામે, નાગનેશ

પાટિયા, કુંભારા ખોડિયાર મંદિર, રાજકોટ પાસેના લાલાવદર, મોટા દળવા ખાતેના નકળંગધામ, ગોંડલ વગેરેનો સમાવેશ થાય છે. રસ્તામાં પદયાત્રીઓ માટે બે ટાઈમ ચા-નાસ્તો અને બે ટાઈમ જમવા માટેની વ્યવસ્થા માટે એક ટ્રક, એક મીનીટ્રક અને બે ઈકો વાન સામગ્રી તેમજ ૧૫ થી વધુ સ્વયંસેવકોની ટીમ સતત કાર્યરત હોય છે. આ સાથે પદયાત્રીઓ માટે દવા-મેડીકલ સેવા સહિતની વ્યવસ્થા કરવામાં આવેલી હોય છે. જલારામ સેવા સમાજના યુવા પાંખના પ્રમુખ નિલેશ પુજારા તથા તેમની ટીમ દ્વારા સમગ્ર આયોજનની વ્યવસ્થા સંભાળવામાં આવે છે તેવુ જલારામ સેવા સમાજના પ્રમુખ જીતુભાઈ સેજાણીએ જણાવ્યું હતું.

ગાંધીનગર સિવિલમાં એનઆઈસીયુ વોર્ડની તપાસ હાથ ધરાઈ

ગાંધીનગર, તા.૨૯

રાજયની સૌથી મોટી ગણાતી અમદાવાદની સરકારી સિવિલ હોસ્પિટલમાં છેલ્લા કેટલાક દિવસમાં નવજાત બાળકોના મોતનો મામલો સામે આવ્યો છે. આરોગ્ય વિભાગની ટીમ ઘટનાની ગંભીરતાને સમજી દોડતી થઈ ગઈ છે. જેને પગલે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પણ બાળકોના વોર્ડને સતર્ક કરી દેવાયો છે. નવજાત બાળકોને રાખવામાં આવતા ખાસ વોર્ડમાં તકેદારીના ભાગરુપે ચેંકીગ હાથ ધરાયું હતું. ત્યારે વધુ ગંભીર બાળકો માટે વસાવવામાં આવેલ આવેલ મશીનરીની આંતરીક તપાસ કરવાના આદેશ આપવામાં આવ્યા છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ગંભીર બિમારી હોય તેવા બાળકો માટે એનઆઈસીયુ વોર્ડ આવેલ છે. આ વોર્ડમાં ૨૨ બાળકોને રાખી શકાય તેવી ઉત્તમ વ્યવસ્થા છે. પેટીમાં એવા બાળકોને રાખવામાં આવે છે જેમાં અધુરા મહિને બાળક-બાળકીનો જન્મ થયેલ હોય, બિમાર, ફેફસામાં તકલીફ હોય, વજન જરુરીયાત કરતા ઓછુ હોય, જન્મજાત કમળો હોય તેવા સમયે બાળકને પેટીમાં મુકવામાં આવે છે. ત્યારે થોડા માસ અગાઉ ગાંધીનગર સિવિલમાં પણ પેટીઓમાં કીડીઓ ચઢી જવાથી બાળકને મોંઢાના ભાગે ઘણી બધી કીડીઓએ ચટકા ભર્યાનો કિસ્સો બન્યો હતો. ત્યારથી સિવિલમાં ગ્રાઉન્ડ ફલોર પર આવેલ એનઆઈસીયુ વોર્ડમાં ખાસ ધ્યાન રાખવામાં આવે છે.એટલુ જ નહી ઉત્તરપ્રદેશના ગોરખપુરમાં ઓકસીજન બંધ થઈ જવાના કારણે ૧૭ થી વધુ બાળકોના મોત થયા હતા. ત્યારબાદ ગાંધીનગર એનઆઈસીયુ વોર્ડમાં આપવામાં આવતા ઓકસીજનની માત્રા સતત તપાસવામાં આવે છે. ટેકનીકલ

● અનુસંધાન પાના - ૬ પર

કોંગ્રેસ નિરીક્ષકોએ બેઠકવાર પરિસ્થિતિનો તાગ મેળવ્યો

આગામી ૧૪મી ડિસેમ્બરે યોજાનાર વિધાનસભાની સામાન્ય ચૂંટણીના પડકારને ઝીલવા તેમજ રાજ્યની ભાજપ સરકારની નિષ્ફળતા પ્રજા સમક્ષ ઉજાગર કરવા તેમજ ચૂંટણીલક્ષી કામગીરી કરવા ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ દ્વારા ગુજરાતની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકો પર નિરિક્ષકો નિમાયા છે. જે અંતર્ગત આજરોજ તા. ૨૯-૧૦-૨૦૧૭ રવિવારના રોજ ગાંધીનગર જિલ્લાની ૩૬- ગાંધીનગર ઉત્તર વિધાનસભાની બેઠક નિરિક્ષક ધર્મેન્દ્ર રાઠોડની ઉપસ્થિતિમાં અને ૩૫-ગાંધીનગર દક્ષિણ વિધાનસભાની બેઠક નિરિક્ષક વૈભવ ગેહલોતની ઉપસ્થિતિમાં જિલ્લા કોંગ્રેસ કાર્યાલય, સે-૨૨, ગાંધીનગર ખાતે તેમજ ૩૭-માણસા વિધાનસભાની બેઠક નિરિક્ષક રામકેશજી મીણા(પૂર્વ મંત્રી રાજસ્થાન સરકાર)ની ઉપસ્થિતિમાં તાલુકા કોંગ્રેસ કાર્યાલય, માણસા ખાતે યોજાઈ હતી. બેઠક જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીના અધ્યક્ષપદે યોજાઈ હતી. જેમાં વિધાનસભાના મત વિસ્તાર પ્રમાણે ઉપસ્થિત આગેવાનો-કાર્યકરો સાથે વિધાનસભા બેઠકો જીતવા માટે ચિંતન કરી જરૂરી રણનીતિ તૈયાર કરવા ચર્ચા કરવામાં આવી હતી તેવું જિલ્લા કોંગ્રેસની અખબારી યાદીમાં મહામંત્રી સુહાગ પંચાલે જણાવ્યુ છે.

'મિશન ઈમ્પોસિબલ': ભાજપ મોદીનો રેકોર્ડ તોડે તો પણ ઘણું છે, લક્ષ્યાંક સામે મોટા પડકારો છે

ગુજરાતમાં છેલ્લા ૨૨ વર્ષથી ભાજપની સરકાર છે અને ૨૭ વર્ષથી કોંગ્રેસે સત્તા જોઈ નથી ત્યારે ૨૦૧૭ની ચૂંટણી કોંગ્રેસ માટે કયામત બનીને આવી છે. ભાજપ માટે આ ચૂંટણી પડકાર છે. પડકાર એટલા માટે છે કે ગુજરાતમાં એન્ટી ઈન્કમબન્સી ફેક્ટરની ગંભીર અસરો છે. નોટબંધી

ભાજપનું એ હિન્દુત્વ ક્યાં ગયું કે જ્યારે રાજ્યમાં કેસરિયો માહોલ સર્જાતો હતો

અને જીએસટીથી ગુજરાતના મતદારો અને લોકો પરેશાન છે. મોંઘવારી અને બેકારી જેવા પ્રશ્નો ઉભા છે. પટેલ અને ઠાકોર-ઓબીસી યુવા નેતાઓ ભાજપની પડખે નથી. ભાજપને સૌથી વધુ ૧૨૭ બેઠકો ૨૦૦૨ની વિધાનસભા ચૂંટણીમાં મળી હતી. એ સમયે હિન્દુત્વ પ્રખર જોરમાં હતું અને નરેન્દ્ર મોદીનો કરિશ્મા છવાયેલો હતો. ભાજપે અત્યાર સુધી બે નેતાઓને મુખ્યમંત્રી તરીકે પ્રોજેક્ટ કર્યા છે જેમાં પહેલા કેશુભાઈ પટલ હતા અને બીજા નરેન્દ્ર મોદી છે. ૨૦૧૭માં આવું કંઈ નથી. મોદીની વિજય હેટ્રીક પછી ખુદ મોદી ગુજરાતમાંથી ચૂંટણી લડવાના નથી. આ સમયે પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે ૧૫૦ પ્લસ બેઠકોનો ટારગેટ રાખ્યો છે પરંતુ વર્તમાન પરિસ્થિતિ જોતાં ભાજપને મોદીએ મેળવેલી ૧૨૭ બેઠકો આવે તો પણ ઘણું છે, કારણ કે ૧૯૯૫ પછી પહેલીવાર કોંગ્રેસને ગુજરાતમાં મજબૂત થતી જોવામાં આવી છે.

● મોદી શાસનનો વિક્રમ કોઇ તોડી શકશે નહીં...

ગુજરાતની સ્થાપના પછી રાજ્યમાં ૧૬ મુખ્યમંત્રી આવી ગયા છે અને પાંચ વખત રાષ્ટ્રપતિશાસન લાગ્યું છે. ગુજરાત ઉપર વિવિધ સમાજના આગેવાન નેતાઓએ શાસન કર્યું છે, જેમાં બ્રાહ્મણ, પટેલ, વણિક, ઓબીસી, ક્ષત્રિય, આદિવાસી જેવી જ્ઞાતિઓનું પ્રતિનિધિત્વ જોવા મળ્યું છે. હવે ૨૦૧૭માં ૧૭મા મુખ્યમંત્રી સત્તા પર આવશે. આ વખતે પુનરાવર્તન થશે કે પરિવર્તન—એ કોઈ જાણતું નથી, સિવાય પાર્ટીના લિડર્સ કે જેઓ જીતના દાવા કરી રહ્યાં છે. રસપ્રદ બાબત એ છે કે સૌથી વધુ શાસન કરવાનો શ્રેય નરેન્દ્ર મોદીને જાય છે. તેમણે ગુજરાત પર ૪૬૧૦ દિવસ સુધી શાસન કર્યું છે. બીજાક્રમે ૨૦૪૯ દિવસ સાથે માધવસિંહ સોલંકીનો સમય રહ્યો છે. જ્યારે હિતેન્દ્ર દેસાઈ ૨૦૬૨ દિવસ, ચીમનભાઈ પટેલ ૧૬૫૨ દિવસ, અમરસિંહ ચૌધરી ૧૬૧૮ દિવસ અને કેશુભાઈ પટેલ ૧૫૩૩ દિવસ સુધી મુખ્યમંત્રી રહ્યાં છે, સૌથી ઓછું ૧૨૮ દિવસનું શાસન રાજપાની સરકારની દિલીપ પરીખનું હતું. હાલ વિજય રૂપાણી ૭મી ઓગષ્ટ ૨૦૧૬થી શાસનમાં છે. નરેન્દ્ર મોદીના શાસનનો વિક્રમ કોઈ રાજનેતા તોડી શકે તેમ નથી.

● સરકાર કહે તો પબ્લિક જીના ભી છોડ દે...

સરકારે પહેલાં કહ્યું કે સિંગતેલના ડબ્બા મોંઘા પડતા હોય તો લોકોએ સિંગતેલ ખાવાનું છોડી દેવું જોઈએ. પછી સરકારે કહ્યું કે પેટ્રોલ અને ડિઝલ મોંઘા પડતા હોય તો વાહનો ચલાવવાનું બંધ કરી દેવું જોઈએ. કેટલાક પોલિટીશયન કહે છે કે બળાત્કારની ઘટનાઓ ઓછી કરવા યુવતિઓએ શોટ્સ વસ્ત્રો પહેરવા ન જોઈએ. આપણા કેવા દિવસો આવ્યા છે. સરકાર કોઈ જગ્યાએ બંધાતી નથી. પીવાના પાણીના દામ ચૂકવવા પડે છે. આરોગ્ય સારવારના અગણિત રૂપિયા ચૂકવવા પડે છે. ભણવા માટે લાખો રૂપિયાનો ધુમાડો કરવો પડે છે. હોસ્પિટલમાં ઓક્સિજન લેવા માટે લાઈન લગાવવી પડે છે. સરકારી બીલોની ચૂકવણી માટે લાઈન કરવી પડે છે. લોકોની ભાગદોડ ભરી જીંદગીમાં કોની પાસે મળવાનો ટાઈમ છે તે સમજાતું નથી. બધાં પરિવારો પોતાના ઘરના બે છેડા ભેગા કરવા મથી રહ્યાં છે. આ બધી સ્થિતિ શહેરોની જ છે તેવું નથી, ગ્રામ્ય વિસ્તારોમાં પણ આવી હાલત છે. ગામડાની ગોરી હવે શહેરની છોરી કરતાં જરાય ઉતરતી નથી. ગામડાનો અબૂધ યુવાન હવે સ્માર્ટ બની રહ્યો છે. સાચા ઉમેદવારનું બધાંને ભાન થયું છે. ૫૦૦ની નોટ અને દારૂની કોથળી સામે વોટના દિવસો ક્યારના ય ખતમ થઈ ચૂક્યાં છે. લોકોને તેમના રોટી, કપડાં અને મકાનની પડી છે...

● એક બીજાને હલકાં ચિતરવાની આ ચૂંટણી છે...

હિન્દુસ્તાનમાં ચૂંટણીના રંગ બદલાયા છે. પહેલાના સમયમાં ભાવિ પ્લાનિંગના આધારે ચૂંટણી ભાષણો થતાં હતા. એક સમય હતો કે ભાજપના સિનિયર નેતા અટલ બિહારી વાજપેયી જ્યારે ઈન્દિરા ગાંધીની સરકાર અંગે કોઈ ટીપ્પણી કરતા હતા ત્યારે તેઓ સમજી વિચારીને ઉચ્ચારણો કરતા હતા. ઈન્દિરા ગાંધી કે રાજીવ ગાંધીને હલકાં ચિતરવાનો પ્રયાસ તેમણે ક્યારેય કર્યો નથી. હવે ચૂંટણીમાં આધુનિકતા સાથે અસભ્યતાનો પ્રવેશ થયો છે. નેતાઓ વચ્ચે એક બીજાને નીચા ઉતારી પાડવાની આ સ્પર્ધા છે. હંમેશા આક્ષેપનું સ્થાન પહેલું અને મોટું હોય છે પછી તેના ખુલાસા તરફ કોઈનું લક્ષ્ય જતું હોતું નથી, તેથી આધાર પુરાવા વિના કરવામાં આક્ષેપોમાં કોઈ તથ્ય હોતું નથી. લોકોને શું ગમે છે, શું કહીશું તો મતદારો આપણી સાથે રહેશે—આ એકમાત્ર સ્વાર્થ હોય છે, બાકી સમાજસેવાનો ભેખ ધારણ કરીને આપણા નેતાઓની વાણી એટલી બધી હલકી કક્ષાની થઈ ગઈ છે કે તેમાં હવે નોલેજ નહીં મિમિક્રી મળે છે.

ટાઈમ લાઈન
- ગૌતમ પુરોહિત

વિકાસના નામે મત લેવાની નહીં, એક બીજા સામે કિચડ ઉછાળતી આ ચૂંટણી છે

લોકો તેને ટાઈમ પાસનું સાધન માને છે. આ કોઈ એક પાર્ટી કે નેતાની વાત નથી, અત્યારે તમામ પાર્ટીના નેતાઓની જીભ ઘસાઈ ચૂકી છે. મીઠાં બોલની જગ્યાએ આગઝરતી તીખી વાણી નિકળે છે અને તેમની ટીઆરપી વધતી દેખાય છે...

● કહાં ગયે વો લોગ, જો લોગ ચુનાવમેં મશહૂર થે...

ગુજરાતમાં જ્યારે લોકસભા અને વિધાનસભાની ચૂંટણી થઈ છે ત્યારે આપણા સંતોએ કથાઓ કરી છે. સંત સંમેલનો યોજ્યા છે. ધાર્મિક સભાઓ કરી છે પરંતુ ૨૦૧૭ની પહેલી એવી ચૂંટણી છે કે જેમાં ધાર્મિક સંતો દેખાતા નથી. બાકી તો ગુજરાતમાં ચૂંટણી હોય એટલે સાધ્વિ ઋતંભરા, વિશ્વ હિન્દુ પરિષદના નેતાઓ સભાઓ ગજવતા હોય છે. બાબા રામદેવ પણ તેમના યોગની શિબિરો કરતા હોય છે. આ વખતે આ દ્રશ્યો દેખાતા નથી. ભાજપને જીતાડવા સંઘ પરિવાર અને તેની સંસ્થાઓ ચૂંટણીના મેદાનમાં દેખાતી નથી તેથી આશ્ચર્ય થાય છે. ૧૯૯૫માં ચૂંટણી યોજાઈ હતી ત્યારે ભાજપ કરતાં સૌથી વધુ બળ સંઘ પરિવારની ભગિની સંસ્થાઓએ વાપર્યું હતું. ઠેરઠેર ધર્મસભાઓ થતી હતી. વિશ્વ હિન્દુ પરિષદના આચાર્ય ધર્મેન્દ્ર, સાધ્વી ઋતંભરા, પ્રવિણ તોગડિયા તેમજ અન્ય સંતોએ ગુજરાત ખૂંદી નાંખ્યું હતું અને લોકોને હિન્દુત્વનો રસ પિવડાવ્યો હતો. આજે ભાજપને મદદ કરવા આ વર્ગ દેખાતો નથી. જેલબંધ આસારામે ૨૦૦૨ અને ૨૦૦૭માં ભાજપને જીતાડવામાં ખૂબ મદદ કરી હતી, બાબા રામદેવ અને રવિશંકરની ધર્મસભાઓ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં થતી હતી. આજે આવું કેમ નથી તે ચર્ચાનો વિષય બન્યો છે.

● ગબ્બર સિંહ ટેક્સ-જીએસટી- થોડો ઘટવાની આશા છે...

જીએસટી કાઉન્સિલની ૨૩મી બેઠક ૧૦મી નવેમ્બરે ગૌહત્તીમાં મળી રહી છે ત્યારે તેમાં હોટલ અને રેસ્ટોરન્ટના જીએસટી દરો ૧૮ ટકાથી ઘટાડી ૧૨ ટકા કરવાનો નિર્ણય લેવામાં આવી શકે છે. એ ઉપરાંત ભારતના રિયલ એસ્ટેટ સેક્ટરને જીએસટીમાં લાવવા માટેની ચર્ચા પણ આ બેઠકમાં થવાની શક્યતા છે. કાઉન્સિલ એવું પણ નક્કી કરવા જઈ રહી છે કે દરરોજ વપરાતી ચીજવસ્તુઓના દામ હાલ ૨૮ ટકાના દાયરામાં આવે છે તેને ઘટાડીને ૧૮ ટકામાં લઈ જવાશે. ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી છે ત્યારે કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી, ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ અને ભૂતપૂર્વ કેન્દ્રીય નાણામંત્રી પી. ચિદમ્બરમે નોટબંધી અને જીએસટીને ચૂંટણીનું મુખ્ય હથિયાર બનાવ્યું છે. ભાજપને ફાળ પડી છે કે જીએસટીના કારણે કેન્દ્રની સાથે રાજ્યોની સરકારો પણ બદનામ થઈ રહી છે તેથી જનતાને થોડી રાહત આપવાનો ઈરાદો કાઉન્સિલની આ બેઠકમાં લેવાઈ શકે છે.

નરેન્દ્ર મોદીના એ ૪૬૧૦ દિવસો, ગુજરાતના કોઇ રાજનેતાની આ તાકાત નથી

● નબળાં પરફોર્મ્સન્સ હશે તેમને ટીકીટ નહીં મળે...

ભાજપના હાઈકમાન્ડે ગુજરાત એકમને એવો સંદેશો આપી દીધો છે કે હાલના જે ધારાસભ્યોના પરફોર્મ્સન્સ નબળાં હશે તેઓની ટીકીટ કાપીને નવા ઉમેદવારને તક આપવામાં આવશે. ટીકીટ વિતરણમાં વહાલા દવલાં કે લાગવગશાહીને કોઈ મહત્વ આપવામાં આવશે નહીં. ભાજપે વિધાનસભાની ચૂંટણી જીતવા માટે એડીચોટીનું જોર લગાવ્યું છે. ભાજપના સિક્યોર કરી શકાય તેવા ધારાસભ્યોની સંખ્યા ૪૦ થવા જાય છે. પાર્ટીએ આ ૪૦ ધારાસભ્યોની ટીકીટ ફાઈનલ કરી છે એટલે કે આ બેઠકોમાં માત્ર સિંગલ નામ રાખ્યું છે. પાટીદાર અનામત અને ઠાકોર સેનાના આંદોલનના કારણે મોટાભાગના ભાજપના પટેલ અને ઠાકોર ધારાસભ્યોને સિક્યોર બનાવી દીધી છે. ભાજપે જ્ઞાતિવાર જે ટીકીટો આપી છે તેમાં કદાચ ઉમેદવારો બદલાય પણ જ્ઞાતિ બદલાશે નહીં તે નક્કી છે.

● એડમિનિસ્ટ્રેશન ચૂંટણી પંચના હાથમાં આવી ગયું છે...

ગુજરાતની ચૂંટણીની તારીખ જાહેર થઈ ગયા પછી હવે આચાર સંહિતાનો અમલ થતાં મુખ્યમંત્રી સહિત કેબિનેટ મંત્રીઓ અને સરકારના પદાધિકારીઓની ગાડીઓ સરકારમાં જમા કરાવી દેવામાં આવી છે. સચિવાલયમાં હવે મંત્રીમંડળના સભ્યોની પ્રાઈવેટ ગાડીઓ દેખાય છે જેમાં સાયરન પણ નથી અને લાઈટ પણ નથી. જો કે સુરક્ષા વ્યવસ્થામાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. આચારસંહિતાનો અમલ શરૂ થતાં જ સચિવાલયમાં મુલાકાતીઓની ભીડ અદ્રશ્ય થઈ ચૂકી છે. ગુજરાતના સરકીટ હાઉસ હવે ચૂંટણી પંચના તાબે થઈ ચૂક્યાં છે. સરકારને બદલીનો નિર્ણય કરવો હોય તો પણ હવે ચૂંટણી પંચની મંજૂરી જોઈશે. ગુજરાતનું સમગ્ર વહીવટી તંત્ર ચૂંટણી પંચને તાબે થયું છે. સચિવાલયનું કામ ઓછું થયું છે પરંતુ જિલ્લા વહીવટી તંત્ર અને ચૂંટણી પંચમાં કામ કરતાં અધિકારી તેમજ કર્મચારીઓની કામગીરી બેવડાઈ છે. જિલ્લા વહીવટી તંત્રને ચૂંટણી પંચે આદેશ આપી અધિકારીઓ તેમજ કર્મચારીઓની રજાઓ રદ કરી છે. આવશ્યક સંજોગોમાં રજા લેવાની થાય તો ચૂંટણી પંચની મંજૂરી લેવાની ફરજીયાત બનાવવામાં આવી છે.